૭

નામ.સુપ્રિમ કોર્ટના રીટ પીટીશન (સિવિલ) નં.૫૮૩/૨૦૦૩માં. તા.૨૭/૦૩/૨૦૧૪ના ચુકાદા અન્વયે સ્વર્ગસ્થ સફાઇ કામદારોના વારસદારોને વળતર પેટે રૂ.૧૦.૦૦ લાખ ચુકવવા અંગેની વર્ષ-૨૦૨૦-૨૧ની રૂ.૧૦૦.૦૦ લાખની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત...

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:- મકમ/૧૦૨૦૧૯/૬૦૭૮૨૭/જ,
સચિવાલય, ગાંધીનગર.
તા:-૧૦/૦૯/૨૦૨૦.

વંચાણમાં લીધા:-

૧. નિયામક, અનુસુચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરનો તા.૦૫/૦૨/૨૦૨૦નો પત્ર ક્રમાંક: અજાક/છ/૫/૨૦૨૦/૫૭૨-૭૩

૨. ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગરનો તા.૦૩/૦૪/૨૦૨૦નો પત્ર ક્રમાંક: નબા/યોજના/૨૦૧૯-૨૦/પ્રો(૧)/૬૪૫૦-૫૧

૩. ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગરનો તા.૨૧/૮/૨૦૨૦નો પત્ર ક્રમાંક: નબા/યોજના/૨૦૧૯-૨૦/પ્રો(૧)/૮૨૨-૮૨૩

**આમુખ:-**

નામ.સુપ્રિમ કોર્ટ દ્વારા રીટ પીટીશન (સિવિલ) નં.૫૮૩/૨૦૦૩માં તા.૨૭/૦૩/૨૦૧૪ના ચુકાદા અન્વયે સ્વર્ગસ્થ સફાઇ કામદારોના વારસદારોને વળતર પેટે રૂ.૧૦.૦૦ લાખ ચુકવવા અંગેની વર્ષ-૨૦૨૦-૨૧ની રૂ.૧૦૦.૦૦ લાખની નવી બાબતને સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવેલ હતી, જે અંગેની નાણાકીય જોગવાઈ વર્ષ:૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં કરવામાં આવેલ છે.

ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર દ્વારા વંચાણે લીધેલ ક:૦૨ પરના તા:૦૩/૦૪/૨૦૨૦ના પત્રથી ઉક્ત નવી બાબતને વહીવટી મંજૂરી આપવા તેમજ વંચાણે લીધેલ ક:૦૩ પરના તા:૨૧/૦૮/૨૦૨૦ના પત્રથી આ યોજનાની શરતો નક્કી કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે.

**ઠરાવ:-**

ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગરની ઉક્ત દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણાના અંતે નામ.સુપ્રિમ કોર્ટ દ્વારા રીટ પીટીશન નં-૫૮૩/૨૦૦૩માં આપેલ ચુકાદા અન્વયે સ્વર્ગસ્થ સફાઇ કામદારોના

વારસદારોને વળતર પેટે રૂ.૧૦.૦૦ લાખ ચુકવવા અંગેની વર્ષ-૨૦૨૦-૨૧ની રૂ.૧૦૦.૦૦ લાખની નવી બાબતને નીચેની શરતોને આધિન વહીવટી મંજૂરી આપવામાં આવે છે:-

1. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.
2. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
3. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
4. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
5. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
6. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરાવાનું રહેશે.
7. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતીની જોગવાઈઓનુ ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
8. આઇ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતોવખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
9. આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક: એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઈ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓ અને ત્યારબાદ વખતો-વખત થયેલ સુધારાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
10. આ યોજના અન્વયે મંજૂર થયેલ મહેકમ વધુ સમય માટે ચાલુ રાખવા અંગે અલગથી દરખાસ્ત રજુ કરી મંજુરી મેળવી લેવાની રહેશે.
11. આ યોજનાઓ અંગેનું ખર્ચ તા.૦૧/૦૪/૨૦૨૦ થી કરવાનું રહેશે.
12. બાંધકામની યોજના માટે વિભાગે માર્ગ અને મકાન વિભાગના જે તે જિલ્લાના એસ.ઓ.આર. મુજબ નકશા/અંદાજો રજુ કરીને સક્ષમ અધિકારી વહીવટી/તાંત્રિકની મંજૂરી મેળવી લેવાની રહેશે.
13. આ મંજૂરી અન્વયે જો કોઇ પણ વસ્તુની ખરીદી કરવાની થતી હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારા-ધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે.
14. કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓના કિસ્સામાં ભારત સરકાર દ્વારા ખરેખર છુટી થયેલ ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.
15. યોજનાઓને ચાલુ રાખવા વહીવટી મંજૂરી મળેલ છે તેથી ખર્ચની આપોઆપ મંજૂરી મળે છે તેમ માનવુ નહિં અને ચાલુ યોજનાઓનો સુચારૂ અમલ થાય તે માટે અસરકારક મોનીટરીંગ કરવાનું રહેશે.
16. નાણા વિભાગના તા:૦૬/૦૬/૨૦૨૦ ના ઠરાવથી અપાયેલ કરકસરની સૂચનાઓ અનુસાર ખર્ચ થાય તે ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમે સુનિશ્ચિત કરવાનું રહેશે.

૨. નામદાર સુપ્રિમ કોર્ટનાં તા.૨૭/03/૨૦૧૪ના ચુકાદા અંતર્ગત આ યોજના હેઠળ સ્વર્ગસ્થ સફાઇ કામદારનાં વારસદારોને નીચેની બાબતો ધ્યાને લઇ વળતર પેટે રૂા.૧૦.00 લાખનું ચુકવણું ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર દ્વારા કરવાનું રહેશે:-

1. ગટર ગુંગળામણથી થયેલ અવસાનનાં કિસ્સામાં જ આ સહાય મળવાપાત્ર રહેશે.
2. સફાઇ કર્મચારીનાં મૃત્યુ સંદર્ભે સ્થાનિક મહાનગરપાલિકાનાં ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશ્નર અથવા નગરપાલિકાનાં ચીફ ઓફિસરનું સર્ટીફિકેટ અથવા પોલીસ પંચનામાં આધારે ગટર ગુંગળામણ/ડૂબી જવાથી મૃત્યુ થયેલ જણાય તો આ લાભ મળવાપાત્ર રહેશે.
3. અવસાન પામેલ સફાઇ કર્મચારીનો પોસ્ટમોર્ટમનો રિપોર્ટ મેળવી લેવાનો રહેશે.
4. અવસાન પામેલ સફાઇ કર્મચારીનાં આકસ્મિક મૃત્યુ અંગે એફ.આઇ.આર. માં MS એક્ટ, ૨૦૧૩ હેઠળ ગુન્હો નોંધયેલ હોવો જોઇએ. જેની નકલ મેળવવાની રહેશે.
5. નામદાર સુપ્રિમકોર્ટનાં તા.૨૭/03/૨૦૧૪ના ચુકાદા અન્વયે ચુકવવાની થતી વળતરની રકમનું ચુકવણું માત્ર આર.ટી.જી.એસ/ઓનલાઇન વ્યવસ્થા મારફત સ્વર્ગસ્થ સફાઇ કામદારનાં કુટુંબનાં કાયદેસરનાં વારસદારને ખરાઇ કરી ચુકવવાનું રહેશે.
6. અવસાન પામેલ સફાઇ કર્મચારીને મહાનગરપાલિકા/નગરપાલિકા/પંચાયતએ જાતે અથવા તો અન્ય ખાનગી કોન્ટ્રાકટ/પેટા કોન્ટ્રાકટર રોકીને ગટર સફાઇનું કામ સોંપેલ હોય તો તેવાં કિસ્સામાં જે તે મહાનગરપાલિકા/નગરપાલિકા/પંચાયત નામદાર સુપ્રિમકોર્ટનાં તા.૨૭/03/૨૦૧૪નાં ચુકાદા અન્વયે સ્વર્ગસ્થ સફાઇ કામદારોનાં વારસદારોને રૂા.૧૦.00 લાખનું ચુકવણું કરવાનું રહેશે. આવા કિસ્સામાં આ યોજનાનો લાભ આપવાનો રહેશે નહિ.
7. જો અવસાન પામનાર સફાઇ કામદારને વ્યકિતગત રીતે એટલે કે સોસાયટી/વ્યકિતગત મિલકતની ગટર સફાઇની કામગીરી માટે ઉતારેલ હોય અને સ્થાનિક સ્વરાજયની સંસ્થાની કોઇ જવાબદારી ઉપસ્થિત થતી ન હોય તેવાં કિસ્સામાં સોસાયટીનાં વહીવટદાર/મેનેજર/વ્યકિતએ નામદાર સુપ્રિમકોર્ટના તા.૨૭/3/૨૦૧૪ના ચુકાદા અન્વયે રૂ.૧૦.00 લાખનું ચુકવણું કરવાનું રહેશે અને જો ચુકવણું કરવામાં સમય લાગે તેમ હોય અથવા તો કોર્ટ કેસનો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થયો હોય તો અને આવા કિસ્સામાં ચુકવણુ કરવામાં વિલંબ થાય તેમ હોય તો તેવા કિસ્સામાં નિગમ દ્વારા આ યોજના હેઠળ ચુકવણું કરવાનું રહેશે તેમજ તેટલી રકમનો કલેક્ટરશ્રીના પરામર્શમાં રહીને જવાબદારોની સ્થાવર મિલકત ઉપર નિગમની તરફેણમાં બોજો પડાવવાનો રહેશે અથવા તો જે તે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા/સોસાયટીના વહીવટદાર/મેનેજર/વ્યક્તિ પાસેથી રકમ મેળવી નિગમનાં ખાતે જમાં લેવાની રહેશે.
8. આ યોજનાનો અમલ ઠરાવ બહાર પાડ્યા તારીખથી કરવાનો રહેશે.

૩. આ અંગે થનાર ખર્ચ ચાલુ વર્ષમાં માંગણી નંબર-૯૫ આયોજન સેક્ટર-(ખ), સામાજિક સેવાઓ. મુખ્ય સદર-૨૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર-૦૧-અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર- SCW-12 – રોજગારી અને આવકના સ્ત્રોત ઉભા કરવા આર્થિક ઉત્થાન યોજના હેઠળ મંજુર થયેલ સ્વર્ગસ્થ સફાઈ કામદારના વારસદારોને નામ.સુપ્રિમકોર્ટનાં રીટ પીટીશન નંબર-૫૮૩/2003માં આપેલ ચુકાદા અન્વયે રૂ.૧૦.00 લાખના વળતરની રકમ ચુકવવા અંગેની નવી બાબત માટે રૂ.૧૦૦.00 લાખની થયેલ બજેટ જોગવાઈમાંથી મેળવવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા:૨૪/૦૬/૨૦૨૦ની નોંધથી મળેલ સમંતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિગ્વિજયસિંહ કુંપાવત)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

1. માન.મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
2. અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
3. અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
4. અધિક મુખ્ય સચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
5. અધિક મુખ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
6. અધિક મુખ્ય સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ અને ગ્રામિણ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
7. નાણાં સલાહકારશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
8. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
9. મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
10. એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
11. નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
12. સેક્શન અધિકારીશ્રી(અ-શાખા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
13. સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
14. સેક્શન અધિકારીશ્રી-કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉકત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
15. પસંદગી ફાઇલ-૨૦૨૦.